PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧/કવા–૦૨/૧૮–૧૯/ 8291-8 તા. 01 SEP 2018

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
લીબાસીયા જસમતભાઈ ઓધવજીભાઈ,
~~ઠક્કફલ~~ કુળદેવી કૃપા, આદીવાસી સોસાયટી
મવડી બાયપાસ – સોલ્જર બેકરીવાળી શેરી,
રીંગ રોડ– રાજકોટ – 360 004
મો: ૯૯૦૪૮ ૪૩૬૪૧

વિષય :—નામ બદલી કરાવી આપવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૧/કવા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, મવડીરોડ પેટા વીભાગીય કચેરી, રાજકોટ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૧/કવા–૦૨/૧૮–૧૯ કમિટી મીટીગ: તા. ૨૧–૦૮–૧૮ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: લીબાસીયા જસમતભાઈ ઓધવજીભાઈ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે લીબાસીયા જસમતભાઈ ઓધવજીભાઈ હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : મવડીરોડ પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : નામ બદલી કરાવી આપવા બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓનુ ઓર્ધોગીક વીજજોડાણ મા નામ બદલી કરવા માટે તા.૨૦–૦૩–૧૮ ના રોજ મવડી પેટા વિભાગીય કચેરી મા અને તા.૦૭–૦૬–૧૮ ના રોજ અધિક્ષક ઈજનેર રાજકોટ ને અરજી કરેલ હતી. તેમ છતા, નામ બદલી માટે ની કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી દ્વારા તેઓના ગ્રાહક નંબર:૩૦૬૦૮૦૬૭૯૨૦ માં નામ બદલી બાબત ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા ફરીયાદ અરજી કરેલ છે, જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે નામ બદલી માટે જરૂરી એવા ઉતરોતર દસ્તાવેજી પુરાવા ગ્રાહક દ્વારા રજુ કરાયેલ ન હોય જેની જાણ ગ્રાહક શ્રી ને તા.૨૩–૦૫–૧૮ તેમજ તા.૨૦–૦૬–૧૮ અને ૧૯–૦૭–૧૮ ના લેખીત પત્ર થી જાણકારી આપેલ હતી, કે જે દસ્તાવેજી પુરાવા રજુ થયે થી આગળની કાર્યવાહી કરવામાં આવશે. |

મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર લીબાસીયા જસમતભાઈ ઓધવજીભાઈ દ્વારા – તેઓના ઓર્ધોગીક વીજજોડાણ નં.: ૩૦૬૦૮૦૬૭૯૨૦ માં નામ બદલી બાબત ની અરજી ની નોધણી તા.૨૦–૦૩–૧૮ થી મવડીરોડ પેટા વીભાગીય કચેરીમા કરાવેલ છે, જે અન્વયે – મવડીરોડ પેટા વીભાગીય કચેરી ના પત્રો – તા.૨૩–૦૫–૧૮ અને તા.૨૦–૦૬–૧૮ તેમજ તા.૧૯–૦૭–૧૮ – દ્વારા ઉતરોતર દસ્તાવેજી પુરાવા રજુ કરવા જણાવેલ –પરંતુ અરજદાર ની સદર અરજી અન્વયે અરજદાર દ્વારા કાર્યવાહી કરાયેલ નથી, |

| | |
|---|---|
| | જેથી અરજદાર દ્વારા નિયમાધીન રીતે જરૂરી ઘટતા દસ્તાવેજીક પેપર્સ પીજીવીસીએલ ની સબંધક કચેરીમાં રજુ થયે – નામ બદલી ની નિયમાધીન કાર્યવાહી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સત્વરે કરવા પૂર્ણ કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદદા નં.–૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકરો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.